એનસીટીસીની બેઠકમાં વડાપ્રધાન નારાજ મુખ્યમંત્રીઓને મનાવવામાં નિષ્ફળ

નવી દિલ્હી,તા.૫

ચર્ચાસ્પદ નેશનલ કાઉન્ટર ટેરેરિઝમ સેન્ટર (એનસીટીસી)ની રચનાને લઈને ચાલી રહેલા વિવાદને ઉકેલવાના હેતુસર આજે મળેલી મીટિંગમાં વડાપ્રધાન મનમોહનસિંહ નારાજ મુખ્યમંત્રીઓને મનાવવામાં નિષ્ફળ રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત બિનકોંગ્રેસ સાસિત તમામ મુખ્યમંત્રીઓએ એનસીટીસીનો જોરદાર વિરોધ કર્યો હતો અને પરત ખેંચી લેવાની માંગણી કરી હતી. મનમોહનસિંહે એનસીટીસીને જોરદાર ટેકો આપ્યો હોવા છતા તમામ મુખ્યમંત્રીઓએ વાંધો ઉઠાવ્યો હતો. મનમોહનસિંહ અને ગૃહ પ્રધાન પી ચિદમ્બરમે શાંતિપૂર્ણ રીતે અને ગંભીરતી પૂર્વક મુખ્યમંત્રીઓની રજૂઆતો સાંભળી હતી. મીટિંગમાં મુખ્યમંત્રીઓએ એનસીટીસીની જોગવાઈને લઈને વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે રાજ્યોની પોલીસની સત્તાઓમાં કાપ મૂકવાના હેતુસર આમા ઘણી જોગવાઈ રહેલી છે. તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ પણ વાંધો ઉઠાવ્યો હતો. વડાપ્રધાન મનમોહનસિંહે રાજ્ય સરકારોની દહેશતને દૂર કરવાના હેતુસર આજે બોલાવેલી મુખ્યમંત્રીઓની મીટિંગમાં વિવિધ મુદ્દા પર ચર્ચા થઈ હતી પરતુ મુખ્યરીતે એનસીટીસીને લઈને હોબાળો રહ્યો હતો. થોડાક સમયમાં એવુ ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતુ કે વડાપ્રધાન અને ગૃહપ્રધાન મુખ્યમંત્રીઓને અસંતોષને દૂર કરવામાં નિષ્ફળ રહ્યા છે. ગૃહપ્રધાન બાદ નિવેદન કરનાર વડાપ્રધાન મનમોહનસિંહ જણાવ્યુ હતુ કે દેશના બંધારણીય માળખા અથવા તો રાજ્યોના વર્ચસ્વને તોડી પાડવાનો કોઈ હેતુ નથી. આવા કોઈ પ્રયાસ પણ થઈ રહ્યા નથી. એનસીટીસીની રચનાના મામલેતેમણે

કહ્યુ હતુ કે રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે સત્તા વહેચણીને આના લીધે કોઈપણ અસર થશે નહીં. સત્તા વહેંચણીનો કોઈ પ્રયાસ પણ નથી. ચિદમ્બરમના મુખ્ય પ્રોજેકટ તરીકે ગણવામાં આવે છે. મનમોહનસિંહે કહ્યુ હતુ કે એનીસીટીસી રાજ્ય વિરુધ કેન્દ્રનો મુદ્દો નથી કારણ કે આનો મુખ્ય હેતુ દેશભરમાં આતંકવાદ વિરોધી પ્રયાસોમાં વધુ સંકલન જાળવવાનો છે. ગૃહ પ્રધાન પી ચિદમ્બરમે પણ પોતાની રીતે સ્પષ્ટ પણે રજૂઆત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે એનસીટીસી આતકવાદી ખતરાને ટાળવા સુરક્ષા માળખાના મુખ્ય આધાર સ્તંભ તરીકે છે. ભારતની બહારથી અને સાઈબર સ્પેશથી હુમલાઓને રોકવાના પ્રયાસ છે. એનસીટીસીની મીટિંગમાં મુખ્યમંત્રીઓ પોતાની રીતે જોરદાર રજૂઆતો કરી હતી. મનમોહનસિંહે કહ્યુ હતુ કે આતંકવાદ સામેની લડાઈ કેન્દ્ર અને રાજ્યોની લડાઈ નથી પરંતુ સંયુક્ત જવાબદારી છે. આતંકવાદને રોકવાના સંયુક્ત પ્રયાસ તરીકે આને ગણવામાં આવે તે જરૂરી છે. એનસીટીસીની રચનાના મુદ્દે બેઠકમા મુખ્યમંત્રીઓને સંબોધતા તેમણે કહ્યુ હતુ કે તમામ પાસાઓ ઉપર ગણતરી કરવામાંઆવી રહી છે. વડાપ્રધાનેએમ પણ કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર રાજ્યો સાથે મળીને કામ કરવા કટિબદ્ધ છે. આતંકવાદને રોકવામા તમામ મદદ કરવા પણ તૈયાર છે. આતંકવાદને રોકવા સહકાર અને સંકલન ખૂબ જ જરૂરી છે. મુખ્યમંત્રીઓએ પણ પોત પોતાની રીતે રજૂઆતો કરી હતી. વિજ્ઞાનભવનમાં આ મીટિંગ યોજાઈ હતી. બીન કોંગ્રેસી મુખ્યમંત્રીઓ દ્વારા એનસીટીસીની રચના મામલે વિરોધ કરવામાં આવ્યા બાદ આ મીટિંગ બોલાવવામા આવી હતી.

એનસીટીસીને પરત ખેંચો : નરેન્દ્ર મોદીની ઉગ્ર રજુઆત

નવી દિલ્હી, તા.૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે એનસીટીસીની મીટિંગમાં ધારણા પ્રમાણે જ આકમક મૂડમા દેખાયા હતા અને કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ એનસીટીસીને પરત ખેંચી લેવાની જોરદાર માંગણી કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર રાજ્યોને બીજા ઉપર આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે પરંતુ આમા તેને મદદ મળશે નહી. મોદીએ કહ્યુ હતુ કે એનસીટીસીની રચના કેન્દ્રને સર્વગ્રાહી શાસક તરીકે અને રાજ્યોને નિર્ભરદાસના રૂપમાં દર્શાવવાના હેતુસર યોજના પૂર્વક કરવામાં આવી છે. મુખ્યમંત્રીઓની બેઠકમાં મોદીએ કહ્યુ હતુ કે આતંકવાદ સામેની લડાઈ માટે સ્પષ્ટ નીતિ અને મજબૂત રાજકીય ઈચ્છાશક્તિની જરૂર છે આના માટે રણનીતિને અંતિમરૂપ આપવામા માટે ગંભીર વિચારશક્તિ જરૂરી છે. મોદીએ કહ્યુ હતુ કે નાના ટુકડાઓમાં કરવામાં આવી રહેલા પ્રયાસોથી અમે અપેક્ષિત લક્ષ્ય હાંસલ કરી શકીશુ નહીં. પૂર્વના પ્રયાસો કાર્યવાહીની વ્યાપસ સમીક્ષા કર્યા વગર અમે એંજન્સીઓને સંગઠનનો રચના તો કરી શકીશુ પરંતુ ઉદ્દેશ્ય હાંસલ કરવામાં સફળતા મળશે નહીં. મોદીએ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંબંધોની

વાત કરતા કહ્યુ હતુ કે સંકલન ખૂબ જ જરૂરી છે. તાજેતરના જ ઘટનાકમ બંધારણીય માળખાની વિરુદ્ધમાં જાય છે. રેલવે સુરક્ષા કાયદો, બીએસએફ કાયદામા સુધારા જેવી બાબત બંધારણીય માળખાની વિરુદ્ધમાં છે. મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠકમાં તેમની ભાષામા જોરદાર રજૂઆત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે આતંકવાદને પરાજીત કરવા માટે કઠોર કાયદાની જરૂર છે અને ગુજરાત પણ સમર્થન કરે છે પરંતુ એનસીટીસી કોઈ કાયદો નથી. આ એક એવી વ્યવસ્થા છે જેને સમવાય માળખા પર પ્રહારો કર્યા છે. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારનાં સબંધમાં વિશ્વાસની કટોકટી સર્જી છે. કેન્દ્ર સરકારે એનસીટીસી બાબત ખુલ્લુ મન રાખીને રાજ્ય સરકારોની રજૂઆતને પૂરેપૂરી ગંભીરતાથી લેવા અપીલ કરી હતી.

આતંકવાદી સરહદનો માનતા નથી : ચિદમ્બરમ

નવી દિલ્હી, તા.૫

એનસીટીસીની રચનાની તરફેણ કરીને કેન્દ્રીય ગૃહપ્રધાન પી ચિદમ્બરમે કહ્યુ હતુ કે આતંકવાદીઓ સરહદોને માનતા નથી. દેશને વધુ સુરક્ષિત બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને મળીને કામ કરવુ જોઈએ. સૂચિતએનસીટીસીને લઈને રાજ્યોના મુખ્યમંત્રીઓની મીટિંગમાં ચિદમ્બરમે કહ્યુ હતુ કે આતંકવાદીઓ દેશ અથવા તો રાજ્યોની સરહદને માનતા નથી. આતંકવાદી ખતરો હવે ભૌગોલિક સરહદોથી આગળ નીકળીને નવી પરિભાષા બનાવે છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે આતંકવાદના મુદ્દા પર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સાથે મળીને આગળ વધે તે અતિજરૂરી છે. વિપક્ષ અને સત્તા પક્ષ બંનેને સાથે મળીને કામ કરવુ પડશે. સામાજિક સંગઠનો અને સરકારી

સંસ્થાઓને મળીને કામ કરવુ પડશે. ગૃહપ્રધાને કહ્યુ હતુ કે એનસીટીસી સુરક્ષાના નવા સ્વરૂપના મહત્વપૂર્ણ આધાર તરીકે રહેશે. બંધારણ હેઠળ આતંકવાદનો મુકાબલો કરવો કેન્દ્ર અને રાજ્યોની સંયુક્ત જવાબદારી છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે આતંકવાદી સંગઠનોની હાજરી ઘણા દેશોમાં છે. આ આતંકવાદીઓ પોતાની સરહદથી દૂર જઈને આતંકવાદી હુમલાને અંજામ આપવામા સક્ષમ છે. આતંકવાદ સામે લડવા માટે માનવ સંશાધન પૂરતા નથી. ટેકનોલોજી હથિયાર પણ જરૂરી છે દેશની ૭૫૧૬ કિલોમીટર સરહદ દરિયાઈ સરહદ છે. અફઘાન, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન, ચીન, બાંગ્લાદેશ અને મ્યાનમારની સાથે આશરે ૧૫૧૦૬ કિલોમીટરની આંતરરાષ્ટ્રીય સરહદ છે તેમણે એમ પણ કહ્યુ હતુ કે રાજ્યની આતંકવાદ વિરોધી સંસ્થાઓને સાથે મળીને કામ કરવુ પડશે. આતંકવાદના ખતરાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે આતંકવાદી ખતરો સાઈબર જગતમાં પણ છે. હવે દરિયાઈ, હવાઈ, અંતરિક્ષ અને ભૂમિ તરફથી ખતરા રહેલા છે.

વિશેષ વર્ગના દરજ્જાની બિહારની માંગ રિજેક્ટ

નવી દિલ્હી,તા. ૫

બિહારની ખાસ કેટેગરીના દરજ્જાની માંગણીને આજે ફગાવી દેવામાં આવી હતી. બિહારે લાંબા સમયથી આ મુજબની માંગણી જારી રાખી હતી. બિહાર સરકારની માંગણી વાજબી નહી હોવાની પેનલે વાત કરી છે. આંતર પ્રધાન જુથે આ માંગણીને ફગાવી દેતા બિહારને મોટો ફટકો પડ્યો છે. આયોજન પંચની દેખરેખ હેઠળ પેનલે બિહાર માટે વિસ્તાર આધારિત નાણાં કીય છુટછાટો આપવા માંગણીને પણ ફગાવી દીધી છે. વડાપ્રધાન મનમોહનસિંહની દરમિયાનગારી બાદ હાઈ પાવર ગ્રપુની રચના કરવામાં આવી હતી. આયોજન પંચના સભ્ય સચિવના નેતૃત્વમાં આ પેનલ કામ કરી રહી છે. તેના સભ્ય તરીકે ખર્ચ વિભાગના સચિવ પણ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં આની રચના કરવામાં આવી હતી. રાજ્યને ખાસ કેટેગરીનો દરજ્જો આપવા માટેની બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારે વારંવાર માંગણી કરવામાં આવ્યા બાદ સમિતીની રચના કરવામાં આવી હતી.

ડિઝલ કિંમત અંકુશમુક્ત કરવા ચર્ચા ચાલી રહી છે : પ્રણવ

નવી દિલ્હી,તા. ૫

ભારતમાં ચાવીરૂપ સુધારાઓની ધીમી ગતિ અંગે ચિંતા વ્યક્ત કરતા નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ કહ્યું હતું કે ગઠબંધન સરકારમાં વિલંબ સ્વાભાવિક છે. કારણ કે ચાવીરૂપ વિષય પર જુદા જુદા શાસક ગઠબંધનના અભિપ્રાય લઈને સર્વસંમતિના પ્રયાસો કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સમય વધારે લાગે છે. પ્રણવે કહ્યું હતું કે પેટ્રોલ બાદ હવે ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવાના મામલે ચર્ચા ચાલી રહી છે. પ્રણવ મુખરજીએ વિવિધ મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભારત સરકારે હાલમાં એવા અનેક પગલા લીધા છે જેનાથી વિકાસની ગતિ ઝડપી બનશે. પ્રણવે કહ્યું હતું કે બિઝનેસને વધારવા માટે સરકારે નવી રોકાણલક્ષી મેન્યુફેકચરિંગ નિતી અપનાવી છે. મુડી માર્કેટમાં પ્રવાહને વધુ ઉદાર બનાવવાની નિતી અપનાવી છે. સાથે સાથે વિદેશમાં ફંડ એકત્રિત કરવા કંપનીઓ માટેના નિયમોને વધુ હળવા બનાવ્યા છે. મુખરજીએ એમ પણ કહ્યું હતું કે વહીવટી ભાવ વ્યવસ્થાને હળવી કરવાના મામલે ચર્ચા ચાલી રહી છે. ખાસ કરીને ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવા હિલચાલ ચાલી રહી છે. એશિયન ડેવલપમેન્ટ બેંકના બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેન



તરીકે હવાલો સંભાળી લીધા બાદ પ્રણવે કહ્યું હતું કે નિર્ણય લેવામાં થઈ રહેલા વિલંબના મામલે તેઓ ઉદ્યોગ જગત અને રોકાણકારોની ચિંતામાં સુર પુરાવે છે. તેમની ચિંતામાં સાથે છે પરંતુ ગઠબંધનની રાજનિતીમાં વિલંબ સ્વાભાવિક છે. બેંકોમાં મતદાનના અધિકારને વધુ ઉદાર બનાવવા, વીમામાં વિદેશી સીધા રોકાણમાં વધારો કરવા અને મલ્ટી બ્રાન્ડ રિટેલમાં વિદેશી રોકાણને મંજૂરી આપવા જેવા ચાવીરૂપ સુધારાઓ લાંબા સમયથી પેન્ડિંગ છે. શાસક યુપીએ ગઠબંધનના કેટલાક સાથીઓ રીટેઈલમાં એફ ડીઆઈ અને સુધારાઓનો વિરોધ કરી રહ્યા છે. પ્રણવે કહ્યું હતું કે કેટલાક મહત્વપૂર્ણ સુધારાના મામલે વિલંબ છે. પરંતુ જ્યારે તમે ગઠબંધન સરકાર ચલાવો છો ત્યારે કોઈ પણ નિર્ણય લીધા બાદ તેને અમલી બનાવવા આડે અનેક તકલીફ હોય છે. સાથી પક્ષો સરળતાથી કોઈ વાત માની જતા નથી. તમામને સાથે લઈને ચાલવાની જરૂર હોય છે. જેથી કોઈ નિર્ણય અંગે સર્વસંમતિ સાધવામાં વિલંબ થાય છે. ભારત પર કેટલીક વૈશ્વિક રેટિંગ એજન્સીની ગણતરી અંગે તેમણે કહ્યું હતું કે તેઓ ચિત્ર જુએ છે. એક ખાસ સમય તેમની અન્ય પરિબળો પર આધારિત ગણતરી હોય છે. પરંતુ આર્થિક સ્થિતીમાં સતત સુધારો થાય છે. જે રીતે હાલમાં અમેરિકી અપર્થતંત્રની સ્થિતીમાં સુધારો થયો છે. ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવા માટે પણ વાતચીત ચાલી રહી છે.

આગામી દિવસોમાં વિમાની ભાડામાં તીવ્ર વધારો થવાના સંકેત

મુંબઈ,તા.૫

આગામી દિવસોમાં વિમાની ભાડામાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. જેથી વિમાની યાત્રા કરવાની યોજના બનાવી રહેલા યાત્રીઓને પહેલાથી જ વિમાની ટિકિટ બુક કરાઈ લેવાની જરૂર છે. ઉનાળાની હોલિડે યોજના હજુ સુધી નહી બનાવી ચુકેલા લોકોને હવે વિલંબ કરવાની જરૂર નથી. વિલંબ કરવાની સ્થિતિમાં તકલીફ થઈ શકે છે. અને વધુ નાણા ચુકવવાની ફરજ પડી શકે છે. જેથી જાણકાર લોકોનું કહેવું છે કે હવે ટિકિટ બુકિંગ કરાવી લેવા માટે યોગ્ય સમય છે. મેના મધ્યમાં વિમાની ભાડામાં વધારો થઈ શકે છે. એપ્રિલ મહિનામાં ૨૦ ટકાનો વધારો થયા બાદ હાલના દિવસોમાં વિમાની ભાડા વધ્યા નથી. દક્ષિણ પૂર્વ એશિયાના લોકપ્રિય રૂટ ઉપર વિમાની ભાડામાં ૨૦ ટકાનો વધારો થયો હતો. પરંતુ હવે થોડાક દિવસ સુધી શાંતિ રહ્યા બાદ ફરી વિમાની ભાડા વધી શકે છે. પ્રવાસ ઉદ્યોગ સાથે સંકળાયેલા નિષ્ણાંતોએ કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય ભાડામાં જંગી વધારો થઈ શકે છે. ઉનાળાની રજાઓ પુરી થયા બાદ છેલ્લી ઘડીએ પ્રવાસની યોજના બનાવનારની સંખ્યા પણ મોટી હોય છે. આગામી સપ્તાહથી જુદા જુદા રૂટ ઉપર રિટર્ન ભાડામાં વધારાના સંકેત દેખાઈ રહ્યા છે.

હવેથી બે સપ્તાહના પ્રવાસ માટે ભાડુ ઓછું છે જેથી ટિકિટ બુકિંગ કરાવી લેવા માટે યોગ્ય સમય છે. મુંબઈ-કવાલાલુમપુર રૂટ ઉપર પણ યાત્રી ભાડામાં વારંવાર ફેરફાર થતા રહે છે. લોકોસ્ટ કેરિયર એર એશિયાએ તેના મુંબઈ ઓપરેશનને બંધ કરી દીધા બાદ એપ્રિલના અંત સુધી ભાડા આસમાને પહોંચે તેવી શક્યતા છે. મેના અંતથી રિટર્ન ટિકિટ માટે સીધી વિમાની યાત્રા માટે ૪૦ હજાર રૂપિયાનો ખર્ચ કરી શકે છે. જ્યારે હાલમાં આ ભાડુ ઓછું છે. મેના અંતે પ્રવાસ માટે રિટર્ન ટિકિટનું ભાડું મુંબઈ-સિંગાપુર રૂટ ઉપર વધારે હોઈ શકે છે. આ ભાડુ આસરે ૨૭ હજાર સુધી હોઈ શકે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે મેમાં પ્રવાસ કરવા માટે માર્ચમાં બુકિંગ કરાવનાર લોકોને જંગી ફાયદો થશે. જ્યારે એપ્રિલમાં બુકિંગ કરવનાર લોકોને નુકશાન થશે. મેના મધ્ય બાદ દક્ષિણ પૂર્વ એશિયન સ્થળોના ભાડામાં ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. એપ્રિલ મહિનામાં પણ આટલો વધારો થયો હતો.

કૃષિ વિકાસનો આધાર - કૃષિનું મહાપર્વ : કૃષિ મહોત્સવ-૨૦૧૨

કૃષિ ક્ષેત્રે થયેલા સંશોધનો, અદ્યતન ટેકનોલોજી, આધુનિક ખેતી પદ્ધતિઓ ખેત ઓજારોનું આધુનિકરણ વિગેરેનું જ્ઞાન છેવાડાના ગ્રામસ્તરના કૃષિકાર સુધી સરળતા અને સહજતાથી મળી રહે તે માટે રાજ્ય સરકાર વર્ષ ૨૦૦૫થી કૃષિ મહોત્સવ-કૃષિના મહાપર્વનું આયોજન કરે છે.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી કૃષિ ક્ષેત્રે વિકાસની વ્યુહરચના ગુજરાતે આપી છે જે દેશે અપનાવી છે. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે પણ ગુજરાતના કૃષિ મહોત્સવને કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસનું પરિબળ ગણાવેલ છે. આ નવીન અભિગમની વિશ્વ બેંક દ્વારા સરાહના કરવામાં આવી છે. કૃષિ મહોત્સવનું આયોજન, અમલીકરણ, નમૂનેદાર અને ફળદાયી રહ્યું છે. સમગ્ર રાજ્યમાં કૃષિ મહોત્સવ કૃષિ જ્ઞાન-વિજ્ઞાનના મહાકુંભ તરીકે પ્રચલિત બન્યો છે. પ્રતિવર્ષ યોજતાં કૃષિ મહોત્સવમાં રાજ્યના ગામડે ગામડે કૃષિરથ ફેરવવામાં આવે છે. ખેડૂતોને વિવિધ સાધન સહાય અપાય છે. કૃષિ નિષ્ણાંતો અને કૃષિ તજજ્ઞો દ્વારા કૃષિકારોને કૃષિ અને જમીનની ક્ષમતા-યોગ્યતા વિશે પ્રશિક્ષિત કરવામાં આવે છે. પરસ્પર જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાનથી ગુજરાતમાં કૃષિ વિકાસ ક્ષેત્રે ચમત્કારિક પરિણામો પ્રાપ્ત થયા છે. ખેડૂતો આધુનિક ખેતી કરતાં થયા છે. અસરકારક જળસંચય અને જળવ્યવસ્થાપનને કારણે સિંચાઈની સવલતોમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

કૃષિ મહોત્સવ રાજ્ય સરકારનો એક માસનો ઘનિષ્ટ કૃષિ વિસ્તરણ કાર્યક્રમ છે. ખેતી અધિકારીઓ, વૈજ્ઞાનિકો અને પદાધિકારીઓ ખેડૂતોને કૃષિરથના આ માધ્યમથી આધુનિક કૃષિ અને તાંત્રિકતા સંબંધી માર્ગદર્શન આપે છે. તેના પરિણામરૂપ કૃષિ તજજ્ઞો-કૃષિકારો વચ્ચે આત્મીયતા વધી, કૃષિકારો પોતાના કૃષિલક્ષી પ્રશ્નોની નિઃસંકોચ ચર્ચા કરતાં થયા, કૃષિલક્ષી જાગૃતિ આવી, સપ્રમાણ વાવેતર-સપ્રમાણ ઈનપુટનો ઉપયોગ કરતાં ખર્ચમાં ઘટાડો થયો, આવકમાં વધારો થયો, જળસંચય-જળસંગ્રહના કારણે જળસ્તર ઉપર આવ્યા, જરૂરિયાત મુજબ પિયત મળતાં પાક ઉત્પાદન વધ્યું, ખેડૂતો નવા નવા પાકોનું વાવેતર કરતાં થયા, નવી કૃષિ-તાંત્રિકતાં આવી, કૃષિ લક્ષી સહાય યોજનાથી માહિતીગાર થયા અને તેના લાભ લેવા આગળ આવવા લાગ્યા, મૂલ્યવર્ધિત પાકોનું વાવેતર વધ્યું.

કૃષિ મહોત્સવના પરિણામે...

● રાજ્યનો કૃષિ વિકાસ દર જે વર્ષ ૧૯૯૧થી ૨૦૦૦ના દાયકામાં (-) ૨.૦૯ ટકા હતો જે વધને વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૦ દાયકામાં ૧૦.૬૭ થયેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧ નો કૃષિ વકાસ દર ૧૬૨૩ ટકા થયેલ છે.

● ગુજરાતની ખેત આવક ૨૦૦૦-૦૧ માં રૂ. ૧૪,૬૬૩ કરોડ હતી તે વધીને વર્ષ ૨૦૧૦-૧૧ માં રૂ. ૮૦,૦૦૦ કરોડ ઉપરાંત થઈ છે.

● કપાસ, મગફળી, દિવેલા પાકોના ઉત્પાદનની દૃષ્ટિએ સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ.

● વાવેતર વિસ્તાર વર્ષ ૨૦૦૧ માં ૧૦૮ લાખ હેકટર હતો તે વધીને વર્ષ ૨૦૧૦-૧૧ માં ૧૪૫ લાખ હેકટર થયેલ છે.

● કપાસના દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ૩૩ ટકા ફાળો. જ્યારે નિકાસમાં ૫૦ ટકા હિસ્સો, વર્ષ ૨૦૧૧-૧૨ માં ૧૨૦ લાખ ગાંસડી કપાસના ઉત્પાદનનો અંદાજ.

● ઘઉંનું દસ વર્ષમાં પાંચ ગણું ઉત્પાદન

● ગુજરાત કપાસ-મગફળી અને દિવેલાના પાકોના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ નંબરે છે
● ડુંગળી-ઈબસગુલની ઉત્પાદકામાં ગુજરાત અગ્રેસર
● કેસર કેરી-કચ્છી ખારેકની સમગ્ર વિશ્વમાં માંગ છે
વરિયાળીના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે છે

● સોઈલ હેલ્થ કાર્ડ, ગુજરાતે આપ્યું અને દેશે અપનાવ્યું. ૩૮.૨૦ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ પૂરા પાડેલ છે.

● વિશ્વમાં ડુંગળી ઉત્પાદકતામાં ગુજરાત અગ્રેસર. દેશના ડુંગળીના ૮૦ ટકા ડીહાઈડ્રેશન યુનિટ ગુજરાતમાં.

● ડુંગળી તથા બટાટા ઉત્પાદકામાં રાષ્ટ્રિયકક્ષાએ પ્રથમ ક્રમે, કેળા તથા ટામેટામાં બીજા ક્રમે તેમજ દાડમ, જમરૂખ તથા લીંબુમાં ત્રીજા ક્રમે.

● છેલ્લા દસ વર્ષમાં રાજ્યમાં બાગાયતી પાકોનું ઉત્પાદન ૬૦.૯૮ લાખ મે. ટનથી વધી ૧૮૦.૧૭ મે. ટન.

● છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૫૨૬૦ લાખની સહાય આપી કુલ ૬૪૯ ગ્રીન હાઉસ ઉભા કરી ઉચ્ચ મુલ્યવર્ધિક પાકોની ખેતી.

● રાજ્યમાં ૬૭ કોલ્ડ સ્ટોરેજ, ૨૨ રાઈપનીંગ ચેમ્બર, ૧૬ હાઈટેક નર્સરીઓ, ૭ ટીસ્યુકલ્ચર લેબોરેટરી અને ૨૬૩૮ નેટ હાઉસની સ્થાપના.

● વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૦-૧૧ સુધીમાં ૪ લાખ હેકટર ઉપરાંત વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિથી આધુનિક ખેતી.

● વર્ષ ૨૦૧૦-૧૧ સુધીમાં ૧૨૭૯૦ ખેડૂત ખાતેદારના વારસદારોને ખેડૂત ખાતેદાર અકસ્માત વિમા યોજના હેઠળ રૂ. ૧૦૭.૧૨ કરોડની સહાય.

● કેસર કેરીના સંશોધન માટે તલાલા અને જુનાગઢ ખાતે કેરી માટેનુ સંશોધન કેન્દ્ર. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં પણ કેસર કેરીનું વાવેતરમાં ઉત્તરોત્તર વધારો.

● જળસંચય અભિયાનના કારણે પાણીના તળ ૬ મીટર જેટલા ઊંચા આવ્યા.

● કૃષિક્ષેત્રે વીજ પ્રવાહમાં સાતત્યતા સાથે ડાર્ક ઝોન હેઠળના પ્રતિબંધો ચાલુ વર્ષથી દુર.

● છેલ્લા દસ વર્ષમાં ૪ લાખ નવા કૃષિ વીજ જોડાણો.

● દસ વર્ષમાં દૂધ ઉત્પાદનમાં ૬૬ ટકાનો વધારો.

કૃષિની સાથો-સાથ કૃષિ મહોત્સવ દરમિયાન પશુપાલન ક્ષેત્રે લોકચેતના જાગૃત કરીને લોકભાગીદારીથી પશુપાલન ક્ષેત્રમાં થયેલી આધુનિક ક્રાંતિ પશુપાલકો સુધી પહોંચાડવા આયોજન કરાય છે. પશુપાલન પ્રભાગ દ્વારા પશુ આરોગ્ય મેળા અભિયાન, પશુપાલન ઈનપુટ કીટ વિતરણ, પશુ રસીકરણ, કૃત્રિમ બીજદાન ઉપલબ્ધ કરાવાય છે.

તાલુકા પંચાયતની બેઠકના કલસ્ટર ગામોમાંથી એક ગામની પસંદગી કરીને સવારે ૭.૩૦ થી રાત્રિના ૯.૦૦ કલાક દરમિયાન પશુ આરોગ્ય મેળા અભિયાન ચાલે છે. પશુ સાર-સંભાળ, પશુ આરોગ્ય માટે માર્ગદર્શન અપાય છે. કુલ ૪૩૯૭ પશુ આરોગ્ય મેળા યોજાશે. ગામદીઠ સુધારેલ ઘાસચારા બીયારણની પાંચ કીટ સ્થાનિક માંગણી મુજબ વિતરણ કરાશે. આરોગ્ય મેળા દરમિયાન ૬૧ લાખથી વધુ પશુઓને આવરી લેવાશે. જેમાં ૧૦ લાખ પશુઓને સારવાર, ૫૦ લાખ પશુઓને રસીકરણ અને ૧ લાખ પશુઓમાં કૃત્રિમ બીજદાનનું આયોજન કરાયું છે. ૯૦ હજારથી વધુ પશુપાલન ઈનપુટ કીટ તથા ૨ લાખથી વધુ પશુસારવાર કેમ્પના લાભાર્થીઓ મળીને ૩ લાખથી વધુ પશુપાલકો આ કૃષિ મહોત્સવમાં સામેલ થશે. પશુઓમાં ગળસૂંઢો, ખરવા-મોવાસા, ગાંડીયો તાવ, આંત્ર વિષજ્વ વિગેરે રોગોની પ્રતિરોધક રસીઓ મુકવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ૧ લાખથી વધુ પશુઓને વિનામૂલ્યે કૃત્રિમ બીજદાન કરવાનું આયોજન કરાયું છે. ૯૧૨૨૦ જેટલા પશુપાલન ઈનપુટ કીટનું વિતરણ કરશે. પશુપાલન ક્ષેત્રે લોકચેતના જગૃત કરવા પ્રચાર-પ્રસારને માટે પોસ્ટર્સ, હોર્ડિંગ અને સાહિત્ય વિતરણના માધ્યમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કૃષિ મહોત્સવ-૨૦૧૨

ખેતી એ જીવન નિર્વાહનું સાધન મટીને એક વ્યવસાય બની રહ્યો છે. જો કે ખેતીની આવક ઓછી થાય તો ખેતી ઉપર નિર્ભર ૬૦ ટકાના જીવન ધોરણ ઉપર અસર થાય છે. કૃષિ મહોત્સવ-૨૦૧૨ તાલુકા સદસ્યની બેઠકવાર કલ્સટર બેઝ વાઈઝ ઉજવાશે. પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ખેતીનો પ્રચાર કરાશે. ઓછું ઉત્પાદન મેળવતાં ખેડૂતોને વિશેષ માર્ગદર્શન, ખેત સાધન સામગ્રીમાં ખાસ વળતર, સોઈલ હેલ્થ કાર્ડ વિશે ખાસ માર્ગદર્શન, પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન અને કૃષિ સંશોધન પુરસ્કાર વિતરણ અને ૨૨૪ જેટલા કૃષિ રથ રાજ્યના ગામોમાં પરિભ્રમણ કરશે. આ દરમિયાન પરિસંવાદ અને પ્રદર્શન પણ યોજાશે. મુખ્યમંત્રીશ્રી દ્વારા બાયસેગના માધ્યમથી ખેડૂતોને માર્ગદર્શન અપાશે. આ બધી વિશેષતાઓ સાથે ૮મો કૃષિ મહોત્સવ-૨૦૧૨ નો પ્રારંભ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જૂનાગઢ જિલ્લાના માણાવદર ખાતેથી તા. ૬ ઠ્ઠી મે ના રોજ સવારે ૯.૩૦ કલાકે થશે અને તા. ૪-૬-૨૦૧૨ એમ ૩૦ દિવસ સુધી આ મહોત્સવ યોજાશે. 'આવો ઊજવીએ કૃષિ મહોત્સવ અને ગુજરાતના આ કૃષિ વિકાસ અભિયાનમાં ભાગીદાર બનીએ.'

આલેખન : ભાનુપ્રસાદ દવે

અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ
દેશ કી શાન
કામધેનુ
TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક
સીમેન્ટ
સ્પોન્સર
Build the trust
Since